આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૩૧-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## મતગણતરી કેન્દ્રો-સુરક્ષા વ્યવસ્થા

આગામી ચોથી જુનના રોજ યોજાનાર મતગણતરીના અનુસંધાને તમામ મતગણતરી કેન્દ્રો પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજ્યના તમામ મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. એવી જ રીતે ગાંધીનગરમાં નવા સચિવાલયમાં રાજ્યકક્ષાનું મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે. આ ઉપરાંત મતગણતરીના દિવસે results.eci.gov.in પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## ફાયર સેફ્ટી-રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક

રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓમાં ફાયર સેફ્ટી વ્યવસ્થા અંગે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ.

આરોગ્ય કમિશનર હર્ષદ પટેલની અધ્યક્ષતામાં વીડીયો કોન્ફરન્સના માધ્યમથી મળેલી બેઠકમાં રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે ગોઠવવામાં આવેલી ફાયર સેફટીની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ અગમચેતીના ભાગરૂપે જરૂરી પગલાં લેવા બાબતે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા, અને તેનો ચૂસ્તપણે અમલવારી કરવા પણ જણાવવામાં આવ્યું હતું.

આ વર્ચ્યુઅલ બેઠકમાં આરોગ્ય પ્રભાગના વિવિધ ઉચ્ચ અધિકારીશ્રીઓ જોડાયા હતા. આ ઉપરાંત ૪૨૨ આરોગ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ બેઠકમાં જોડાયા.

**(RNU અમદાવાદ)**

---

## ધોરણ-10 માર્કશીટ વિતરણ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ 2024માં લેવાયેલ ધોરણ – 10, સંસ્કૃત પ્રથમા, અને GSOS વિદ્યાર્થીઓના પ્રમાણપત્ર આજે બોર્ડની કચેરીએથી જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા નિયત કરેલ વિતરણ સ્થળે રવાના થશે.

રાજ્યની માધ્યમિક શાળાના આચાર્યઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓના પ્રમાણપક્ષ મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએથી મેળવી લેવાના રહેશે.

વિદ્યાર્થીઓને ત્રીજી જૂને શાળાએથી પરિણામ પ્રમાણપત્ર મળશે. જો કે રાજ્ય શિક્ષણ બોર્ડે વેબસાઇટ પર ઓનલાઇન માધ્યમથી 11મી મે એ પરિણામ જાહેર કર્યું હતું.

દરમિયાન ધોરણ-10, સંસ્કૃત પ્રથમા- ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, અને સંસ્કૃત મધ્યમા પ્રવાહમાં નાપાસ થયેલા અને પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા 24મી જૂને લેવાશે. પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવેલ છે.

**(RNU અમદાવાદ)**

---

## ગાંધીધામ-ચેમ્બર ઓફ કોમર્સ-ફાયર સેફ્ટી

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આગની ઘટનાઓ બાબતે નાગરિકોને જાહેર અપીલ કરવામાં આવી છે  તે સંદર્ભે તમામ વેપારી પ્રતિષ્ઠાન,ઉધોગ,શૈક્ષણિક સંકુલો હોસ્પિટલો,હોટલ રેસ્ટોરન્ટ, મોલ વગેરે કે જ્યાં લોકોની ભીડ વધુ એકઠી થતી હોય ત્યાં ફાયર સેફ્ટીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા ઉપરાંત સબંધિત પ્રમાણપત્રો તેમજ લાયસન્સની નિયમિત જાળવમી ,કર્મચારીઓને ફાયર સેફ્ટીની તાલીમ વગેરે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેનું પાલન કરવાથી ભયંકર આગજન્ય બનાવોને રોકી શકાય.

**(NP/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------

## નવી ફેમિલી કોર્ટ

રાજ્યમાં નવી 80 ફેમિલી કોર્ટને મંજૂરી આપવામાં આવી છે, જેમાં કચ્છ જિલ્લામાં ચાર નવી ફેમીલી કોર્ટ શરૂ કરવામાં આવશે.જેમાં મુજબ ભચાઉ-રાપર તાલુકા માટે ભચાઉ ખાતે, ગાંધીધામ-અંજાર તાલુકા માટે ગાંધીધામ ખાતે તો ભુજમાં એક નવી ફેમિલી કોર્ટનો વધારો કરાયો છે, જ્યારે નખત્રાણા ખાતે અબડાસા, લખપત અને નખત્રાણાને સમાવી લેતી કોર્ટ શરૂ કરાશે તથા મુંદરા ખાતેની કોર્ટમાં મુંદરા અને માંડવી તાલુકાનો સમાવેશ કરાયો છે.

**(પરેશ મારૂ)**

---------------------------------------------------------------------------

## અંજાર પોલીસ વિભાગ-સમર કેમ્પ

એસ.પી.સી કેડેટ લોકો પ્રત્યે સન્માનની ભાવના કેળવવા, બાળક સકારાત્મક અને ઉર્જાવાન બને તથા ભવિષ્યનો સારો નાગરીક બનીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓ સુપેરે નિભાવી શકે તેવા હેતુથી પૂર્વ કચ્છ પોલીસ વિભાગ દ્વારા સમર કેમ્પનું આયોજન અંજારના સતાપર વિસ્તારમાં આવેલા ગોવર્ધન

પર્વત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અંજાર પોલીસ સ્ટેશનની ટીમે ફરજ બજાવી રહ્યા છે.

**(NP/આરતી ભટ્ટ)**

---

## હવામાન

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાતમાં હવામાન સૂકું રહેશે અને સરેરાશ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. આગામી બે દિવસ દરમિયાન કચ્છ, બનાસકાંઠા, પાટણ અને સુરેન્દ્રનગરમાં ધૂળની ડમરીઓ ઉડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લા 36 કલાકમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એક થી 3 ડિગ્રી ઓછું નોંધાયું હતું.

**(RNU અમદાવાદ)**

---